આમુખ :–
(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર ક્રમાંક નંબર. સી.૨૬૧૧/૨૦૨૬ તા.૧૩.૦૩.૨૦૨૬

પરીપત્ર નંબર : ૧૯/ ૦૯ સને ૨૦૨૬

આથી તમામ ન્યાયિક અધિકારીશ્રીઓ તેમજ તમામ કોર્ટ / કચેરીના અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ, વકીલશ્રીઓ અને તમામ મુલાકાતી / પક્ષકારોના ધ્યાનાર્થે જણાવવાનું કે, Hon'ble Supreme Court of India ધ્વારા Civil Appeal No. 6174 of 2023 માં તા.૧૯.૦૨.૨૦૨૬ ના ચુકાદા ધ્વારા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ નું કડક પાલન સુનિશ્ચિત કરવા બાબતે મહત્વપૂર્ણ દિશાનિર્દેશો આપવામાં આવેલ છે, જેના પાલન સારૂ નીચે જણાવ્યા મુજબની તકેદારીઓ રાખવા આથી જણાવવામાં આવે છે.

૧. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ માં કચરાના કુલ – ૪ પ્રકારે વિભાજન અંગે નીચે જણાવ્યા મુજબ વહેંચણી કરવામાં આવેલ છે :–

૧. **Wet Weste (વેટ વેસ્ટ માટે લીલા કલરનું ડસ્ટબીન)** : શાકભાજી, ફળોની છાલ વિગેરે કચરો, ફળ–ફુલોના અવશેષો, અન્ય સજીવ પદાર્થોનો ભીનો કચરો વિગેરે.

૨. **Dry Weste (ડ્રાય વેસ્ટ માટે ભુરા કલરનું ડસ્ટબીન)** : પ્લાસ્ટિક, પેપર, કાચ, લાકડું, ધાતુ, રબર વિગેરેની બનાવટો.

૩. **Sanitary Weste (સેનીટરી વેસ્ટ માટે લાલ કલરનું ડસ્ટબીન)** : વપરાયેલા ડાયપર, સેનીટરી નેપકીન અને તેને સમાન વસ્તુઓ વિગેરે.

૪. **Special Care Weste (સ્પેશ્યિલ કેર વેસ્ટ માટે કાળા કલરનું ડસ્ટબીન)** : કલરના ડબ્બા, બલ્બ, થર્મોમીટર, એકસપાયરી તારીખ વિતી ગઈ હોય તેવી દવાઓ અને અન્ય રાસાયણિક જોખમકારક કચરો અને બાયોમેડિકલ વેસ્ટ.

આ અંતર્ગત Four-Stream Segregation અન્વયે કચેરીના પરીસર ખાતે ચાર ડ્રમનું વર્ગીકરણ કરવામાં આવશે, Segregation ની વ્યવસ્થા તા.૦૧.૦૪.૨૦૨૬ ના રોજથી અમલી થનાર છે.

સદર અન્વયે તમામને આથી સુચિત કરવામાં આવે છે કે, તેઓએ વર્ગીકરણ મુજબનો કચરો જે તે ડ્રમ / ડસ્ટબીનમાં જ નાંખવો.

૨. નાજર, જીલ્લા ન્યાયાલય, નડીઆદ / રજીસ્ટ્રાર કમ નાજર, તાલુકા કોર્ટ મથકે ફરજ બજાવતા કર્મચારીશ્રીનાઓને જણાવવાનું કે, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ ની સુચારૂ અમલવારી માટે જીલ્લા ન્યાયાલય, નડીઆદ / તાલુકા કોર્ટસ ખાતેથી જનરેટ થતો સોલિડ વેસ્ટ (જેમ કે, સુકો, ભીનો,

. . . ૨/–

સેનેટરી, સ્પેશ્યલ કેર કચરો) ના સંગ્રહ માટે કાર્યપાલક ઈજનેરશ્રી / નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ તરફથી દરેક ફલોર ઉપર લીલા, ભુરા, લાલ તથા કાળા કલરની મોટી કચરાપેટી જરૂરીયાત મુજબ ફાળવી આપે તે માટે યોગ્ય કાર્યવાહી કરવી. જેથી નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ ની અમલવારી તા.૦૧.૦૪.૨૦૨૬ થી કરવાની હોઈ, તે પહેલા જરૂરી કચરાપેટીઓ સંબધિત કોર્ટમાં ઉપલબ્ધ થઈ શકે.

૩. નાજર, જીલ્લા ન્યાયાલય, નડીઆદ / રજીસ્ટ્રાર કમ નાજર, તાલુકા કોર્ટ મથકે ફરજ બજાવતા કર્મચારીશ્રીનાઓને જણાવવાનું કે, ઉપરોકત ચાર ડ્રમમાં એકત્રિત થયેલ કચરો સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ ના દિશાનિર્દેશો મુજબ દરરોજ લઈ જવા માટે કલેકટર કચેરી / મ્યુનિસિપલ કોર્પોરેશન / જે તે તાલુકા મથકે આવેલ નગરપાલિકાનાઓને જરૂરી સુચના આપશો અને તે બાબતનો રીપોર્ટ અત્રેની કચેરીને કરશો. તેમજ સંબધિત વિભાગના જવાબદાર કર્મચારીનું નામ તથા સંપર્ક નંબર અત્રેની કચેરીને જણાવશો.

૪. નાજર, જીલ્લા ન્યાયાલય, નડીઆદ / તાલુકા મથકે રજીસ્ટ્રાર કમ નાજર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રીનાઓએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ ના નિયમોના પાલનની દેખરેખ રાખશે.

૫. અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ ઉકત બાબતે વ્યકિતગત રીતે જવાબદારી નિભાવવી તેમજ સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવી.

૬. ઉકત દિશાનિર્દેશોનું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ઉકત દિશાનિર્દેશોનું પાલન કરવામાં ચુક કરનાર સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામે ખાસ નોંધ લેવી.

(એન.એ.અંજારીઆ)
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ
નડીઆદ, જી. ખેડા.

જિલ્લા ન્યાયાલય,
મુ. નડીઆદ, જી. ખેડા.
તા.૨૩.૦૩.૨૦૨૬.

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી થવા સારૂ .....

૧. કલેકટરશ્રી, કલેકટરશ્રીની કચેરી, ડભાણ રોડ, નડીઆદ.
૨. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, નડીયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, નડીઆદ.
૩. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, આયોજન ભવન, નડીઆદ.
૪. એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, કપડવંજ.
૫. બીજા/ત્રીજા/ચોથા/પાંચમા/છઠ્ઠા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, નડીઆદ.
૬. મુખ્ય સીનીયર સીવીલ જજ, નડીઆદ / ખેડા / કપડવંજ.
૭. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, નડીઆદ.
૮. ફુલ ટાઈમ સેક્રેટરી, જી.કા.સે.સ. મંડળ, નડીઆદ.

૯. બીજા/ત્રીજા/ચોથા/પાંચમા/છઠ્ઠા/સાતમા/આઠમા/નવમા એડીશનલ સીનીયર સીવીલ જજ, નડીઆદ.
૧૦. એડીશનલ સીનીયર સીવીલ જજ, કપડવંજ/ખેડા.
૧૧. બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ, કપડવંજ.
૧૨. મુખ્ય સીવલ જજ, વસો/ માતર/ મહેમદાવાદ/ કઠલાલ/ ડાકોર/ મહુધા/ સેવાલીયા/ ઠાસરા.
૧૩. એડીશનલ સીવીલ જજ અને જયુ. મેજી.ફ.ક., નડીઆદ.
૧૪. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ, નડીઆદ/કપડવંજ/ખેડા/ડાકોર.
૧૫. ચીફ ઓફીસરશ્રી, વસો/માતર/ખેડા/મહેમદાવાદ/મહુધા/કઠલાલ/કપડવંજ/ડાકોર/ઠાસરા/સેવાલીયા.
૧૬. જીલ્લા સરકારી વકીલશ્રી, જીલ્લા સરકારી વકીલની કચેરી, જીલ્લા ન્યાયાલય, નડીઆદ.
૧૭. આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટરશ્રી, સીનીયર સીવીલ કોર્ટ, નડીઆદ.
૧૮. પ્રમુખશ્રી, બાર એસોસીએશન, નડીઆદ/.............
૧૯. મેડીકલ ઓફીસરશ્રી, રૂમ નં. ૧૬, જીલ્લા ન્યાયાલય, નડીઆદ.
૨૦. રજીસ્ટ્રાર, સીનીયર સીવીલ કોર્ટ/ ચીફ કોર્ટ, નડીઆદ.
૨૧. રજીસ્ટ્રાર, સી.એફ.સી., જીલ્લા ન્યાયાલય, નડીઆદ.
૨૨. બેંન્ચ કલાર્ક / રજીસ્ટ્રાર કમ નાજીર, તમામ અદાલતો.
૨૩. નાજીરશ્રી, નાજીર શાખા, જિલ્લા ન્યાયાલય/ સીનીયર સીવીલ કોર્ટ, નડીઆદ.
૨૪. કોર્ટ મેનેજરશ્રી, જીલ્લા ન્યાયાલય, નડીઆદ.
૨૫. સિસ્ટમ ઓફીસરશ્રી, કોમ્પ્યુટર રૂમ, જિલ્લા ન્યાયાલય, નડીઆદ.
(અત્રેની કચેરીની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
૨૬. નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

By Order

I/c Registrar
District & Sessions Court
Kheda, At. Nadiad.

E:\ADM\circular\Solid West Circular 2026.doc